**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૯/૦૨/૨૦૧૮ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૪૨/૧૮**

**મોંત નિપજાવવાના ઇરાદે હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડી નાશતા ફરતાં આરોપીને પકડી પાડતી સાયબર ક્રાઇમ સેલ, અમદાવાદ શહેર.**

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકતપોલીસ કમિશ્નરશ્રી જે.કે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન સાહેબ તથા અધિક નાયબ પોલીસ કમિશ્નર શ્રી ડૉ. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુન્હાઓ અટકાવવા તથા નાશતા ફરતા વૉન્ટેડ આરોપીઓને શોધી કાઢવા આપેલ સુચનાઆધારે પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એસ.ગેડમ, સાયબર ક્રાઇમ સેલ અમદાવાદ શહેર નાઓએ સ્ક્વૉડના અધિકારી શ્રી તથા માણસોને આ બાબતે સુચના આપતાં સાયબર સેલના પોસ.ઇ.શ્રી આર.કે.સોલંકી તથા પો.સ.ઇ. શ્રી એસ.વી.ગળચર, પો.સ.ઇ.શ્રી એસ.એમ.સિસોદીયા તથા સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત આધારે અગાઉ ચોરીના ગુનામાં પકડાયેલ આરોપી નામે દસ્તગીરઉર્ફેદસ્તીS/O અકબરઅલીતૈયબઅલીશેખઉવ.૨૨રહેવાસીઃ હાલનાનજીદેશમુખનાચારમાળીયાબ્લોકનંપ, આદિનાથનગરઓઢવ, અમદાવાદશહેર મુળ વતન ઉત્તરપ્રદેશ નાએ રતનસિંહ નામના ઇસમને છરી વડે ઇજા પહોંચાડી ૩૦૭ નો ગુનો આચરી વૉન્ટેડ હોયતા.૧૯.૦૨.૨૦૧૮ ના રોજ પકડી અટક કરેલ છે.

આ કામેં પકડાયેલ આરોપીની પુછપરછ કરતા આરોપી મહિલા કે જે અગાઉ પોતાના બે પતિઓની સાથે છુટાછેડા લઇ ચુકેલ છે તેની સાથે આડા સંબંધ રાખતો હોય અને તેના ઘરે ઉપરના તેના સરનામે રહેતો હોય ગઇ તા.૦૯.૦૨.૨૦૧૮ ના રોજ રાતના આશરે આઠેક વાગ્યાના સુમારે ફરીયાદી રતનસિંહ ઝાલા રહે.ઓઢવ ચાર માળીયા ખાતે આવતાં આ દસ્તગીર તથા આ મહિલા તેમજ તેનો એક સગીર દિકરો હાજર હતાં તે વખતે આ મહિલા સાથે રતનસિંહને કોઇ વાતમાં બોલાચાલી ઝઘડો થયેલ જેથી આ ત્રણેય જણાઓએ આ રતનસિંહ ને મારી નાંખવાના ઇરાદે શરીરે પેટના ભાગે છરીના ઘા મારી દિધેલ અને તેઓ ત્યાંથી નિકળી ગયેલ બાદ આ મહિલાનો સગીર દિકરો મળી આવતાં પોલીસે તેની વિરૂદ્ધ કાયદેશર કાર્યવાહી કરેલ અને આરોપી દસ્તગીર તથા આ સગીરની માતા બંને જણા નાશતા ફરતા હતાં આરોપી નાસતો ફરતો હોય અને આ બાબતે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુ.ર.નં. ૨૬/૨૦૧૮ ઇપીકો કલમ ૩૦૭, ૧૧૪ મુજબનો દાખલ થયેલ હોય આરોપીનો કબ્જો ઓઢવ પોલીસ સ્ટેશને સોંપવા તજવીજ કરેલ છે. તેમજ આ કામે વૉન્ટેડ મહિલા આરોપીને પકડી પાડવા માટે ક્રાઇમ બ્રાન્ચે તપાસ હાથ ધરેલ છે.

**સુરક્ષા સેતુ રથ:**

વેજલપુર અને સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.